(રઘુ અને ભગો બંને જણા મંચ ઉપર છે....ભગો ઉભો ઉભો ઊંઘે છે...એ નસકોરા બોલાવે છે.....આ જોઈને રઘુને નવાઈ લાગે છે...)

રઘુ: અલ્યા, આ ભગો ય ખરો છે, આ તો ઉભો ઉભો ઊંઘે છે.....લાવ એને જગાડી જોઉં...

રઘુ: ભગા...અલ્યા ભગા, એ ભગા જાગ તો ખરો..... હું તને ક્યારનો શોધતો હતો, આખા ગામમાં તને શોધી કાઢ્યો, ખેતરમાં, ગામના ચોરે, પશાભાના ઓટલે...તું તો અહીં ઉભો ઉભો નસકોરા બોલાવે છે.....

ભગો: અલ્યા, તું વાત જ ના કર...હમણાં હમણાં થી કોઈ વાતના હોશ નથી રહ્યા...

રઘુ: કેમ લ્યા, એવું તો શું થયું છે?

ભગો: અલ્યા આ ટીવી પર જોઉં છું કે લોકો બેંક ની લાઈનમાં ઉભા છે એટલે હું તો ગભરાઈ ગયો કે અત્યારથી જ ઉભા રહેવાની પ્રેક્ટીસ શરુ કરી દીધી અને એમાં જ ઉભા ઉભા ઊંઘ આવી ગઈ...

રઘુ: કેમ એમાં ગભરાવા  જેવું શું છે? તું ક્યાં બેંકની લાઈનમાં ઉભો રહેવા ગયો છે?

ભગો: હા...ગયો તો નથી પણ જો જવું પડે તો?

રઘુ: જવું પડે ત્યારની વાત ત્યારે....અને આમ પણ હવે બેંકો આગળ એટલી લાઈન નથી રહી, ધીમે ધીમે બેંકો આગળથી લાઈન ઓછી થવા માંડી છે...

ભગો: હા યાર, પણ તોય ક્યારેક તો બેંકમાં જવું જ પડશે ને....એવું થોડું છે કે બેંકમાં ગયા વગર થોડું ચાલવાનું છે?

રઘુ: એ ખરું, પણ હમણાં હમણાં મેં ક્યાંક સાંભળ્યું કે આપણે બેંકમાં ગયા વગર પણ આપણા રૂપિયાના વહેવારો કરી શકીએ...

ભગો: કેવી વાત કરે છે....એવું તો કંઈ હોતું હશે?

રઘુ: અલ્યા છે...ખરેખર એવું છે...

ભગો: કોઈ તને મુરખો બનાવતું હશે....

રઘુ: તે મને મુરખો કીધો?

ભાગો: હવે તું વાત જ એવી કરે તો તને મુરખો જ કહું ને! એક વાર નહિ સો વાર મુરખો....

(રઘુ ગુસ્સે થઈ જાય છે અને ભગાને મારવા દોડે છે...ત્યાં ગામના **માસ્તર** આવીને વચ્ચે પડે છે...)

માસ્તર: અરે અરે...શું થયું? તમે બે તો પાક્કા મિત્રો છો...આમ લડો છો શું કામ?

રઘો: આણે મને મુરખો કીધો...

ભગો: અરે પણ એ વાત જ એવી કરે છે...તમે જ કહો માસ્તર કે હાથમાં રોકડા રૂપિયા ના હોય તો બેંકમાં ગયા વગર કોઈ દિવસ રૂપિયાના વહેવાર થાય?

માસ્તર: થાય....બિલકુલ થાય....

રઘો: જો હું કહેતો હતો ને કે થાય....

માસ્તર: હા, પણ એ માટે પુરતી જાણકારી હોવી ખુબ જરૂરી છે...

રઘો: પણ એ જાણકારી મળે ક્યાંથી?

માસ્તર: ઓનલાઈન...એટલે કે ઈન્ટરનેટ ઉપરથી જ આ માહિતી મળી રહે છે...અને એમાં પણ આપણી જ ગુજરાતી ભાષામાં gu.vikaspedia.in ઉપર જઈને માહિતી મેળવી શકો છો...

(કલાકાર મોબાઈલમાં વિકાસપીડીયા પેજનો સ્ક્રીનશોટ મુકશે...અને લોકોને નજીક જઈને બતાવશે.)

રઘો: માસ્તર આ તો જોરદાર વાત છે...

ભગો: આ વિકાસપીડીયાના પેજ ઉપર તો બધી જ માહિતી છે...માસ્તર તમે એકવાર આ અમને પણ સમજાવો ને...

રઘો: હા હા....તમે ભણેલા ગણેલા છો તો જરા માહિતી આપો ને....

માસ્તર: હા…હા…ચોક્કસ સમજાવું છું…અને હું એકલો જ નહિ, મારો વિદ્યાર્થી સુરેશ પણ તમને સમજાવશે…કેમ કે સુરેશે પણ ડીજીટલ ફાઈનાન્સ ના ફાયદા જાણ્યા છે…

(સુરેશ આવે છે…)

સુરેશ: ડીજીટલ ફાઈનાન્સ સર્વિસ એટલે કે ડી.એફ.એસ.નો મૂળ હેતુ એ છે કે લોકો રોકડા વ્યવહાર ઓછા કરી ને ડીજીટલ એટલે કે મોબાઈલ, કમ્પ્યુટર કે લેપટોપથી નાણાકીય વ્યવહાર કરે….વેપારીઓ પાસેથી  ખરીદી કરી શકે અને ચુકવણી કરી શકે..

માસ્તર: ડીએફએસ એટલે કે ડીજીટલ વ્યવહારના મુખ્ય પાંચ પ્રકાર છે…

1. **Cardsકાર્ડ્સ**
2. **USSDયુએસએસડી**
3. **AEPSએઈપીએસ**
4. **UPIયુપીઆઈ**
5. **Walletવોલેટ**

**રઘો: માસ્તર સાહેબ આ તો બહુ અઘરું અઘરું થઈ ગયું…**

**સુરેશ: અરે અઘરું થઈ ગયું હોય તો સહેલું કરી દઈએ…જુઓ સૌથી પહેલા તો તમને સમજાવું કે બેંકમાં થી આપણને જે કાર્ડ મળે છે એ ત્રણ પ્રકારના હોય છે..ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અને પ્રિ-પેઈડ કાર્ડ**

**માસ્તર: આ પ્રિ-પેડ કાર્ડમાં આપણે જેમ મોબાઈલ રી-ચાર્જ કરાવીને બેલેન્સ વાપરીએ છીએ, એમ આ કાર્ડમાં બેન્કના ખાતામાં રકમ જમા કરાવીને વાપરી શકાય છે…આ કાર્ડ ઉપયોગ માટે એકદમ સલામત છે…**

સુરેશ: એવી જ રીતે ડેબીટ કાર્ડ, તમને તો ખબર છે...કે જે બેંકમાં આપણું ખાતું હોય ત્યાંથી જ આ કાર્ડ આપવામાં આવે છે.. આ કાર્ડની મદદથી આપણે ખાતામાંથી રકમ ઉપાડી શકીએ, બીલ ભરી શકીએ, ટ્રેનની ટીકીટ બુક કરાવી શકીએ, ખરીદી કરી શકીએ..

માસ્તર: આ રીતે જ ક્રેડીટ કાર્ડ પણ બેંક દ્વારા આપવામાં આવે છે, ક્રેડીટ કાર્ડમાં ફર્ક એટલો છે કે આપણા ખાતામાં વધુ રકમ ન હોય તો પણ નક્કી કરેલી રકમની મર્યાદામાં આપણે ખરીદી કે ચુકવણું કરી શકીએ છીએ...આ રકમ નક્કી કરેલા વ્યાજ સાથે પાછી આપવાની હોય છે..

સુરેશ: આ કાર્ડનો ઉપયોગ કરવા માટે ચાર આંકડાનો પીન નમ્બર નાખવાનો હોય છે....અને એ પીન નમ્બર ક્યારેય બીજી કોઇ વ્યક્તિને જણાવવાનો નહિ..

રઘો: જો આ કાર્ડથી મારે ખરીદી કરવી હોય તો?

સુરેશ: તો જ્યાં કાર્ડ સ્વીકારતું હોય એવી દુકાન કે અન્ય સ્થળે જઈ ખરીદી કરવાની પછી આ કાર્ડ વેપારીને આપવાનું જે તમારી ખરીદીની રકમ પી.ઓ.એસ. મશીનમાં નાખી કાર્ડ ઘસશે અને પછી તમને પીન નમ્બર નાખવા કહેશે...જો કાર્ડથી ચુકવણું થશે તો તમારા મોબાઈલમાં બેંક નો મેસેજ આવી જશે...

માસ્તર: અને હા...બેંકમાં જે વ્યક્તિનું ખાતું હોય તે આ કાર્ડ માટે અરજી કરીને કાર્ડ મેળવી શકે છે..

ભગો: કાર્ડ માટે તો અરજી કરી દઈએ...પણ કાર્ડ ન હોય તો?

સુરેશ: કાર્ડ ન હોય તો પણ તમે તમારા મોબાઈલથી ચુકવણું અને બીજા કામ કરી શકો છો...

રઘુ: શું વાત કરો છો? મોબાઈલથી પણ ચુકવણું થાય?

સુરેશ: હા...એને અનસ્ટ્રકચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા **એટલે કે (યુ.એસ.ડી.) કહેવાય છે..આમાં તમારા ફોન નંબર સાથે બેંકનું ખાતું જોડાયેલું હોય છે..મોબાઈલ ઉપર** * ૯૯ # નો ટૂંકો કોડ ડાયલ કરી તમારી બેંકનું ટૂંકમાં નામ લખો અને પછી આગળની સેવાઓનો લાભ લો....

માસ્તર: હા આ યુ.એસ.ડી.નો લાભ લેવા માટે તમારો મોબાઈલ નંબર તમારી બેંકમાં નોંધાયેલો હોવો જોઈએ..

રઘુ: આ તો મોબાઈલથી જ લેવડ દેવડ પૂરી થઇ જાય તો તો બહુ સુખ થઇ જાય....

સુરેશ: હા એના માટે આટલા પગલા લેવાના.

- તમારા બેન્કના ખાતા સાથે મોબાઈલ નંબર જોડો.

- તમારા ફોનથી ડાયલ *99# કરો.

- બેન્કના ટૂંકા નામ અથવા પ્રથમ ૪અક્ષરની જગ્યાએ બેન્કના પ્રથમ ૩અક્ષર ભરો.

- આઈએફએસસી

- "ફંડ–ટ્રાન્સફર- એમએમઆઈડી" ઓપ્શનપસંદકરો.

- નાણા લેનારનો મોબાઈલ નંબર અને એમએમઆઈડી એન્ટર કરો.

રકમ અને તમારો એમપીઆઈએન નંબર એન્ટર કરો એકસ્પેસ છોડીતમારા ખાતાના છેલ્લા ૪ આંકડા એન્ટર કરો.

બસ આ રીતે રકમ ચૂકવાઈ જશે...

**માસ્તર**: એટલું જ નહિ, તમે તમારા આધાર કાર્ડની મદદથી પણ પેમેન્ટ અને બીજું ઘણું બધું કરી શકો છો...

રઘુ: આધાર કાર્ડ તો છે મારી પાસે.....

માસ્તર: બસ તો એ આધાર કાર્ડને તારા બેંક ખાતા સાથે જોડી દેવાનું, આધાર નંબર યાદ રાખવાનો, આનાથી બીજા આધાર કાર્ડ ધરાવતી વ્યક્તિના ખાતામાં તું રૂપિયા ટ્રાન્સફર કરી શકીશ કે એના ખાતામાંથી તારા ખાતામાં લઇ શકીશ... વળી, આ સીસ્ટમ ફિંગર પ્રિન્ટ એટલે કે આંગળીના છાપ થી ચાલતી હોવાથી સલામત છે...

સુરેશ: આપણી બેંકમાં થી પણ આના વિષે વધુ માહિતી મળી રહેશે....

માસ્તર: આ ઉપરાંત યુ.પી.આઈ. એટલે કે યુનીફાઈડ પેમેન્ટ ઇન્ટરફેસ...ડેબીટ કાર્ડની જેમ મોબાઈલના ઉપયોગથી પેમેન્ટ કરી શકાશે...

સુરેશ: બસ આ માટે યુપીઆઇ એપ્લિકેશનવાળો એક સ્માર્ટફોન અને બેંકનું ખાતું હોવું જોઇએ..તમારા મોબાઈલની એપ્લીકેશનમાં જ પાસવર્ડ નાખી અને તમે ખરીદી કરી શકો છો અને તેનું ચુકવણું કરી શકો છો....

ભગો: વાહ સુરેશ....વાહ માસ્તર તમે તો બધી જબરી રીત બતાવી દીધી...ગજવામાં એક પણ રૂપિયો ના હોય તો પણ આપણું કામ થઇ જાય...

સુરેશ: હા...થઇ જ જાય...અને હવે શર્ટ કે પેન્ટ ના ગજવામાં રૂપિયા રાખવાના બદલે ઈ-વોલેટ એટલે કે ઇન્ટરનેટ ના ગજવામાં પૈસા રાખવા....

રઘુ: આ ઈ- વોલેટ શું છે?

સુરેશ: આ ઇલેકટ્રોનિક કાર્ડ છે જે કમ્પ્યુટર કે મોબાઇલમાં ઇન્ટરનેટની મદદથી ખરીદી કે પૈસાની લેવડ-દેવડ માટે વપરાય છે...આ માટે તમારા ડિવાઈસમાં એપ્લિકેશનડાઉનલોડ કરી જરૂરી માહિતી ભરશો તો પાસવર્ડ મળશે... ડેબીટ/ક્રેડિટકાર્ડ કે નેટબેન્કિંગ દ્વારા રકમ જમા કરો. ઓનલાઈન શોપિંગ કર્યા પછી ઈ-વોલેટ ઓટોમેટીકલી વપરાશકર્તાની માહિતી પેમેન્ટ ફોર્મમાં ભરી દેશે.

માસ્તર: જો કે આ ઈ-વોલેટ નો ઉપયોગ આપણને વિશ્વાસ હોય એવી ઓનલાઈન ખરીદી માટે જ વાપરવો...અને વધુ જાણકારી માટે gu.vikaspedia.in ઉપર જઈને માહિતી મેળવી લેવી

રઘુ: અમને તો ખ્યાલ જ નહિ કે રોકડા રૂપિયા ના હોય તો પણ નાણાકીય વ્યવહાર કરવાના આટલા બધા રસ્તા છે...

ભગો: સાચી વાત છે... હવે તો મારે ઉભા ઉભા ઊંઘવાની જરૂર નથી...હું નિરાતે ઘરે જઇને સુઇ જાઉં છું....